# જૂન મહિના સુધીમાં ઉત્તર ગુજરાતના ખેડૂતના ખેતરમાં નર્મદાનું જળ સીધું જ પહોંચશે

## આંગણવાડીઓમાં પોષણક્ષમ ખેત ઉત્પાદનો - ફળફળાદી બાળકો માટે દાનમાં આપવાનું સમાજ દાયિત્વ ખેડૂતો ઉપાડે : મુખ્યમંત્રીનો કિસાનશક્તિને અનુરોધ

કડી, તા. ૩૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ઓછા પાણીએ મહત્તમ કૃષિ ઉત્પાદન માટેની ટપક સિંચાઈ-ડ્રીપ ઈરીગેશન રાજ્યવ્યાપી ઝૂંબેશ-અભિયાન ઉપાડવાનો રાજ્ય સરકારનો નિર્ધાર વ્યકત કર્યો છે. ડ્રીપ ઈરીગેશનના અભિયાનમાં આ વર્ષના અંત સુધીમાં સમગ્રતયા ૨.૫૦ લાખ હેકટર જમીન આવરી લેવાના લક્ષ્યાંકો પણ તય કરી દેવામાં આવ્યા છે તેમ તેમણે જણાવ્યું હતું.



ઉત્તર ગુજરાત પ્રદેશના ૬ જિલ્લાઓના કૃષિ મહોત્સવના ૧૦માં ચરણનો મુખ્યમંત્રી શ્રીમતી પટેલે મહેસાણા જિલ્લાના કડીમાં વિશાળ સંખ્યામાં કિસાનશકિતની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો.

શ્રીમતી આનંદીબેન પટેલે પશુ આરોગ્યમેળાનું ઉદઘાટન તથા ગૌપૂજન કર્યા હતા અને ઉત્તર ગુજરાત પ્રદેશના પ્રગતિશીલ ધરતીપૂત્રોનું સન્માન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને કૃષિ સહકાર વિભાગ દ્વારા પ્રકાશિત કૃષિ-ખેડૂતલક્ષી વિવિધ પ્રકાશનોના વિમોચન પણ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ઉત્તર ગુજરાત જેવા પાણીની ઓછી ઉપલબ્ધિ ધરાવતા વિસ્તારોમાં પણ કૃષિ મહોત્સવની શૃંખલાએ જે કૃષિક્રાંતિ અને નવિન પાક પધ્ધતિથી રેતાળ પ્રદેશના ધરતીપૂત્રોને આર્થિક સમૃધ્ધ કર્યા છે તેનો હર્ષ વ્યકત કર્યો હતો.

તેમણે જણાવ્યું કે ખેડૂતના બાવડાના બળ અને આગવી કોઠાસૂઝમાં કૃષિમહોત્સવ અન્વયે ખેડૂતના ખેતરે જઈને કૃષિવૈજ્ઞાનિકોએ આપેલા માર્ગદર્શને નવો પ્રાણ પૂર્યો અને ઉત્તર ગુજરાત ખેતીવાડીમાં ઉત્તમ ગુજરાત બની ગયું છે. બનાસકાંઠા જિલ્લો બટાટા ઉત્પાદનનું હબ બન્યો છે તો કડી વિસ્તારે કપાસનું મબલખ ઉત્પાદન મેળવી વૈશ્વિક બજારો સર કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આગામી વર્ષના જૂન મહિના સુધીમાં ઉત્તર ગુજરાતના કિસાનોના ખેતરમાં નર્મદાનું જળ સિંચાઈ માટે સીધું મળતું થઈ જાય તેવું સઘન આયોજન રાજય સરકારે ઉપાડયું છે.

આ સંદર્ભમાં તેમણે લોકમાતા નર્મદાના પાણીથી ૭૪ હજાર કિ.મી. લંબાઈના વિશાળ નહેર માળખા દ્વારા રાજયના ૧૭ જિલ્લાના ૧૭.૯૨ લાખ હેકટર વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી લેવાના બહુઆયામી આયોજનની સમજ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ નર્મદા નહેરોના નિર્માણ માટે ખેડૂતોની જમીન સંપાદન પ્રક્રિયામાં જે નવો રાહ ગુજરાતે અપનાવ્યો છે તેની વિશેષતા વર્ણવતા કહયું કે, દોઢ વર્ષમાં ૯૮૦૦૦ જેટલા કિસાનોની સર્વસંમતિથી સરળ પધ્ધતિએ કોઈ જ વાદ-વિવાદ વિના ૧ લાખ હેકટરથી વધુ જમીન સરકારે મેળવી છે.

શ્રીમતી આનંદીબેન પટેલે ગુજરાતને કૂપોષણમૂકત બનાવવાના સંકલ્પને પાર પાડવા ધરતીપૂત્રો અને સંપન્ન ખેડૂતોને ભગવાનના ભાગની દૂધ યોજના જેમ જ પોષણક્ષમ કૃષિ ઉત્પાદનો અને ફળફળાદિનો ભાગ આંગણવાડીમાં ભૂલકાંઓ માટે દાન રૂપે આપીને સામાજિક દાયિત્વ નિભાવવા અનુરોધ કર્યો હતો.

આરોગ્ય અને માર્ગ-મકાન મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે કૃષિ મહોત્સવ થકી રાજયના કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે. આજે ગામડાંઓ સમૃધ્ધ બન્યા છે. આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી હવે વડાપ્ર-ધાન બન્યા છે તેથી ગુજરાતનો વિકાસ વધુ તેજ ગતિએ થવાનો છે. રાજયે ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ અપનાવી ખેડુતોને સમૃધ્ધ કર્યા છે. ગુજરાત આજે દેશના વિકાસમાં અગ્રેસર રહી વિકાસની નવી ચાઈઓ પાર કરી રહયું છે.

આ પ્રસંગે કૃષિ અને સહકાર મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું હતું કે ખેડુતોને પાણી, વીજળી અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો ખેતીક્ષેત્રે સિધ્ધી હાંસલ કરી શકાય. જળસંચય ક્ષેત્રે પ્રગતિ કરીને આપણે ૪૦ હજાર ચેકડેમોની સંખ્યા વધીને ૧.૫૦ લાખ થયેલ છે. આ ક્રાંતિનો શ્રેય કૃષિ મહોત્સવને જાય છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ગૃહ રાજયમંત્રીશ્રી રજનીકાંન્ત પટેલે જણાવ્યું હતું કે ખેતીમાં ખર્ચ ઘટાડી ઉત્પાદનોમાં વધારો થાય તે -પ્રકારનું માર્ગદર્શન કૃષિ મહોત્સવમાં આપવામાં આવે છે. કૃષિ મહોત્સવે કૃષિ ઉત્પાદન સતત વધારવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે, તેનો આનંદ તેમણે



દર્શાવ્યો હતો.

આ પ્રસંગે કૃષિ રાજયમંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કૃષિને પ્રોત્સાહિત કરવાની ઝુંબેશ ઉપાડી છે. આજે કૃષિ મહોત્સવ થકી રાજયનું અર્થતંત્ર પુરઝડપે દોડી રહયું છે. ખેડૂતો કૃષિ મહોત્સવનો લાભ લઈ સમૃધ્ધ બન્યા છે. તેની વિગતો તેમણે આપી હતી.

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરા, શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કાયદા રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, પશુપાલન રાજય મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોર. આરોગ્ય રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, રાજય મંત્રીશ્રી બચુભાઈ ખાબડ, અગ્રણી કૌશિકભાઈ પટેલ, સાંસદશ્રી જયશ્રીબેન પટેલ, સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનશ્રીઓ, નિગમોના ચેરમેનશ્રીઓ, મુખ્ય સચિવશ્રી ડો. વરેશસિન્હા, અગ્રસચિવશ્રી રાજકુમાર, પ્રભારી સચિવશ્રી આર. આર. વરસાણી, કુલપતિશ્રી ડો. કે. શ્રીધરન, માહિતી કમિંરશ્રી ભાગ્યેશ જહા, કલેકટરશ્રી નરેન્દ્ર મીના સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ-પદાધિકારીશ્રીઓ, ખેડુતો, અગ્રણીઓ, ભાઈઓ તેમજ બહેનો ઉપસ્થિત રહયા હતા.

આભારવિધિ વિસનગરના ધારાસભ્યશ્રી ઋષિકેશભાઈ પટેલે કરી હતી.



સમગ્ર વિશ્વમાં ૩૧ મે ના દિવસે તંબાકુ નિષેધ દિન તરીકે ઉજવવામાં આવે છે. ખેડબ્રહ્મા તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા આ નિમિત્તે એક રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીમાં મેડીકલ ઓફીસર, ફિમેલ હેલ્થવર્કર, મલ્ટી પર્પજી વર્કર તથા આશા વર્કર બહેનો રેલીમાં હાજર રહી હતી. રેલીમાં વિવિધ બેનર્સ દ્વારા તંબાકુથી થતા નુકસાન અંગેના સંદેશાઓ દ્વારા લોકો તંબાકુનુ સેવન ન કરે તેવી જનજાગૃતિ ફેલાવવા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ડીસા વિધાનસભાની પેટા ચૂંટણીનો પડઘમ : ટીકીટ કોને ? ચર્ચા તો સવાલ

ડીસા, તા. ૩૧

લોકસભાની ચૂંટણીના પરિણામો જાહેર થતા અને ભાજપ પૂર્ણ બહુમત મેળવી કેન્દ્રમાં સત્તા આરૂઢ થતા દેશવાસીઓ નવનિયુક્ત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાત વિકાસ મોડલ બાદ દેશમાં પણ ક્રાંતિકારી રીતે સર્વત્ર, વિકાસ થશે તેવી દેશવાસીઓને આશા બંધાઈ છે ત્યારે ડીસાના ધારાસભ્ય લીલાધરભાઈ વાઘેલા લોકસભા ઈલેકશનમાં પાટણ સંસદીય મતવિસ્તારમાંથી સંસદ સભ્ય તરીકે ચૂંટાઈ આવતા તેમણે ડીસા વિધાનસભા બેઠક ઉપરથી રાજીનામુ આપવું પડશે, જેથી ડીસા વિધાનસભાની આ બેઠક ખાલી પડતા હવે પેટા ચૂંટણી માટેનું કાઉન્ટ-ડાઉન શરૂ થઈ ગયું છે. જેના લીધે અનેકો ભાજપી આગેવાનો પેટા ચૂંટણીમાં ટીકીટ મેળવવા અત્યારથી જ લોબિંગ કરતા જોવા મળ્યા હતા.

ડીસા વિધાનસભા પેટા ચૂંટણીમાં જો અને તો ના રાજકીય સમીકરણો વચ્ચે ભારતીય જનતા પાર્ટીની ટીકીટવાચ્છુઓની યાદીમાં હાલ અનેકો મેદાનમાં છે, તો વળી, આ બેઠક પર ઠાકોર સમાજનું વર્ચસ્વ હોઈ લીલાધર વાઘેલા બાદ તેમના પુત્ર કે પી.એ. તરીકે ઓળખાતા સાવિયાના ગામના યુવા સરપંચ રસીકજી ઠાકોરનું નામ પણ ચર્ચામાં છે, જ્યારે માળી સમાજમાંથી મગનલાલ માળી, પ્રવીણભાઈ ગોરધનજી માળી, પી.એન. માળી, કે.ટી.માળી પણ ટીકીટ દાવેદારોની યાદીમાં છે તેજ રીતે બ્રાહ્મણ સમાજમાંથી જિલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ જોશી, શશીકાંતભાઈ પંડ્યા, મહેશભાઈ માળીના નામોની પણ પાર્ટીમાં ચર્ચા છે તેજ રીતે ઈતર સમાજમાં પ્રદેશ બક્ષી મોરચાના દિનેશભાઈ અનાવાડીયા તો વળી, રબારી સમાજમાંથી પૂર્વ ગોપાલક નિગમ ચેરમેન સંજય દેસાઈ, માર્કેટ યાર્ડ ચેરમેન માવજીભાઈ દેસાઈ, ડીસા તાલુકા ભાજપ સમિતિના ગીરીશભાઈ દેસાઈ પણ ટીકીટ માટેના પ્રબળ દાવેદાર છે, જ્યારે અન્ય ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છ પ્રતિભા ધરાવતા ઉમેદવારોમાં દામા રામપુરા મઠના કારભારી સ્વામી રૂપપુરીજી, આખાબોલા અને મનના ભોળા ઓધારજી ઠાકોરનો પણ એક મોટો ચાહક વર્ગ આવા ઉમેદવારોને ટીકીટ અપાય તેવા મત સાથે લોબિંગ કરી રહ્યો છે.

જ્યારે બીજી પણ એક પ્રબળ શક્યતામાં જેમ ભાજપે ગુજરાતમાં મહિલા સશક્તિકરણની વાતને સાચા અર્થમાં સાર્થક કરી ગુજરાતના મુખ્યમંત્રી પદે આનંદીબેન પટેલની તાજપોશી કરી છે તે વાત સાથે ૩૩ ટકા સ્ત્રી અનામતની વાત આગળ ધપાવી ડીસામાં પણ અન્ય જાતિના ઉમેદવારોના ગમા અને અણગમાને દૂર કરવા ડીસા વિધાનસભાની પેટા ચૂંટણીમાં મહિલા ઉમેદવારને ટીકીટ આપવાનું નક્કી કરેલ હોવાની વાત પણ રાજકીય આલમમાં ચર્ચાઈ રહી છે, જેમાં પાલિકાના ભાજપા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ, સ્વામી વિવેકાનંદ સમિતિના ચેરમેન અને મહિલા અગ્રણી કાર્યકર સાધ્વી નિર્મલા પુરીજી, તેમજ પ્રદેશ ભાજપ કારોબારીના ડૉ. રાજુલબેન દેસાઈના નામોની પણ ચર્ચાએ જોર પકડેલ છે જો કે રાજકીય વિશ્લેસકોના મતે ડૉ. તેજલબેન પટેલ હાલ ડીસા પાલિકાના પ્રમુખ પદે આરૂઢ હોઈ જો મહિલા ઉમેદવારની પસંદગી થાય તો સાધ્વી નિર્મલાપુરી પર સર્વ સંમતિએ પસંદગીનો કળશ ઢોળી શકે છે, તેમનું જમા પાસુ એ પણ છે કે તેઓ શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારમાં પણ સેવાકીય પ્રવૃત્તિએ લોકપ્રિય છે અને અદ્ભૂત વાંક છતાં સાથે હિંદુ શસ્ત્રોના જાણકાર હોઈ આ પંથકના ઉમાભારતી બની શકે છે.

તો વળી, સામાપક્ષે હતાશ અને નિરાશ તેમજ કંગાળ દેખાવે ભાંગી પડેલી કોંગ્રેસમાં જુના જોગીયો સિવાય કોઈ ટીકીટ લેવા આગળ આવે તેમ નથી જેમાં ગોવાભાઈ દેસાઈ, વિપુલ શાહ, બાદરસિંહ વાઘેલા, પ્રકાશચંદ્ર ભરતીયા જેવા નેતાના નામો ટીકીટ માટે ચર્ચાઈ રહ્યા છે. ત્યારે આ તમામ અટકળોએ હાલ ડીસાની શેરી, ગલી, મહોલ્લા અને પોળોમાં ડીસાની પેટા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસનો કોણ હશે ઉમેદવાર તે ચર્ચા ટોપ ઓફ ધ ટાઉન બનેલ છે.

# પ્રાંતિજમાં ક્રિકેટ રમવા ગયેલા બે કિશોરો ગુમ થતા સનસનાટી

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બે બાળકો અચાનક ગુમ થતા ભારે શોધખોળ હાથ ધરાઈ હતી. આમ છતાં બાળકો ના મળતા પ્રાંતિજ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આશરે ૧૪ વર્ષની ઉંમરના બંને બાળકોને ગુમ થયાને ત્રણ દિવસ થયા હોવા છતાં કોઈ પત્તો ના મળતા માતા-પિતાને પોલીસનો સહારો લેવાની ફરજ પડી.

પ્રાંતિજના મુસ્લિમ સમાજના બે બાળકો ત્રણ દિવસ પહેલા ઘરેથી ક્રિકેટ રમવા જઈએ છે તેમ કહીને નિકળ્યા હતા. બંને બાળકોએ તેમના મોબાઈલ ફોન પણ ઘરે જ મુકીને ગયા હતા અને મોડી સાંજ સુધી પરત ન ફરતા માતા-પિતા અને પ્રાથમિક ધોરણે સગાસંબંધીઓ અને મિત્રોના ઘરે તપાસ હાથ ધરી હતી. પરંતુ બંને બાળકોનો ક્યાંય પત્તો ન મળતા અંતે પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પ્રાંતિજના પઠાણવાડા તથા વ્હોરાવાડ વિસ્તારમાં રહેતા આ બે બાળકો નાજીમખાન નસીરખાન પઠાણ (ઉં.વ. ૧૪) રહે. વ્હોરવાડ અને મહંમદ રીફાકતમીયા મહંમદ મારફતીયા (ઉં.વ. ૧૪૦ રહે. પઠાણવાડાના ગુમ થયાની ફરિયાદ વાલીઓએ નોંધાવી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પી.આઈ. ભરતભાઈ પટેલે તુરંત જ આજુબાજુના પોલીસ સ્ટેશનોને જાણ કરી હતી તેમજ ટાઉન જમાદાર મનહરભાઈ શર્મા દ્વારા બંને બાળકોના ફોટા સાતે શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ બંને બાળકો અંગે કોઈપણ માહિતી મળે તો મોબાઈલ નં. ૯૪૨૬૪-૪૮૫૯૪ અથવા પોલીસ સ્ટેશનના લેન્ડ લાઈન નં. ૦૨૭૭૦-૨૩૦૩૭૬ ઉપર જણાવેલ છે. આ ઘટનાને પગલે સમગ્ર પ્રાંતિજમાં સનસનાટી વ્યાપી ગઈ છે અને હિન્દુ મુસ્લિમ સર્વે બાળકો મળી જાય તે માટે દુવા-પ્રાર્થના કરી રહ્યા છે.

## મહેસાણા જિલ્લાની ૮૮મી ડાક અદાલત યોજાશે

મહેસાણા, તા. ૩૧

મહેસાણા પોસ્ટલ ડિવિઝનની સેવાઓ તેમજ બચત બેન્ક, પોસ્ટલ જીવન વીમો, મનીઓર્ડર, પેન્શન અંગેની ફરિયાદો અને રજુઆતોનો નિકાલ કરવા માટે ૨૬ માર્ચ ૨૦૧૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ૮૮ મી ડાક અદાલત શ્રી એસ.ડી. ગામેતી સુપ્રી. ઓફ પોસ્ટ ઓફિસીઝ મહેસાણાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવનાર છે. આ ડાક અદાલતમાં રજુ કરવા ઈચ્છતા અરજદારોએ શ્રી વિનય ચતુર્વેદી ડેપ્યુટી મેનેજર ગ્રાહક સેવા કેન્દ્ર મહેસાણા ૩૮૪૦૦૧ના સરનામે ૧૫ જૂન ૨૦૧૪ સુધીમાં મોકલી આપવાની રહેશે. તેમ ગ્રાહક સેવા કેન્દ્ર મહેસાણાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# મોયદમાં જુની અદાવતના કારણે બોલાચાલી થતાં લાકડીઓ ઉછળી : ૧૩ વિરૂધ્ધ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ મોયદ ગામે રૂપાજીના મહોલ્લામાં જુની અદાવતને કારણે થયેલી બોલાચાલી ઘર્ષણમાં પરિણમતા એક બીજા પર લાકડીઓથી હુમલો કરાયો હતો. આ ઘટનાની પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સામ સામે ફરિયાદ કરાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પોલીસ સ્ટેશનેથી મળતી માહિતી મુજબ ગઈ કાલે ફરિયાદી પૂજસિંહ રાઠોડને કનુસિંહ રાઠોડ સાથે જુની અદાવતના કારણે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બંને જુથો વચ્ચે લાકડીઓથી મારામારી થઈ હતી. આ ઘટનાના પગલે સુયાબા, કૌશલ્યા બા અને હિનાબા વગેરેને ઈજાઓ થતા સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જયારે પૂંજસિંહ રાઠોડ તેમજ શાંતાબાને હાથે પગે સામાન્ય ઈજાઓ થતા ૧૦૮ દ્વારા પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર પર સારવાર અપાઈ હતી.

ઉપરોકત ઘટનામાં પ્રાંતિજ પોલીસ સ્ટેશને સામ સામી ફરિયાદો કરાઈ હતી. જેમાં પોલીસે ૧૩ જણા વિરુધ્ધ ફરિયાદ નોંધી છે જેમાં પૂંજસિંહ કુબેરસિંહ રાઠોડ, શાંતાબા પૂંજસિંહ રાઠોડ, વિશ્વરાજ પૂંજસિંહ રાઠોડ, ગંભીરસિંહ ઉદેસિંહ રાઠોડ, કલ્યાણસિંહ ગંભીરસિંહ રાઠોડ, જયદીપસિંહ ગંભીરસિંહ રાઠોડ, ગણપતસિંહ મદનસિંહ રાઠોડ, રામસિંહ ઉદેસિંહ રાઠોડ, રાજેન્દ્રસિંહ પૂંજસિંહ રાઠોડ, રાજેન્દ્રસિંહ દોલતસિંહ રાઠોડ, કિરણબા ગોવિંદસિંહ રાઠોડ, પોપટબા ગંભીરસિંહ રાઠોડ વગેરે વિરૂધ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.

## મોડાસાના કુડોતગામના દલિતો કલેકટરને આવેદનપત્ર આપશે

મોડાસા, તા. ૩૧

મોડાસાના કુડોત ગામમાં એક દલિત પરિવાર દ્વારા લગ્નનો વરઘોડો કાઢવામાં આવતા આ પરિવાર પર ગામના કેટલાક તત્વોદ્વારા આ વરઘોડાને અટકાવાવમાં આવ્યો હતો. અને આ તત્વોએ ભેગા મળી લગ્નમાં આવેલા દલિતો પર પત્થરમારો કરવામાં આવતા દલિતોએ વિરોધ નોંધાવ્યો છે. આગામી દિવસોમાં દલિતો દ્વારા કલેકટરને આ બાબતે આવેદનપત્ર પાઠવશે.

# હિંમતનગરનું મદ્રેસા હાઈસ્કૂલનું ગૌરવ

હિંમતનગર, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના



હિંમતનગર ખાતે મદ્રેસા હાઈસ્કૂલ, હિંમતનગર એચ.એસ.સી. સામાન્ય પ્રવાહની પરીક્ષામાં કુલ ૧૨૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ. જેમાં સમગ્ર શાળાનું પરિણામ ૭૫.૪૧ ટકા આવેલ છે. જેમાં પ્રથમ નંબરે - મોડાસ્યા અરસીયાબેગમ અ. અજીજ ૯૯.૬૨ પર્સન્ટાઈલ, બીજા નંબરે મીરજા તેહમીના મો. સલીમબેગન ૯૯.૨૧ પર્સન્ટાઈલ, ત્રીજા નંબરે ઈબજી ફાયેજાબેગમ મકબુલએહમદ ૯૯.૦૬ પર્સન્ટાઈલ મેળવેલ છે.

આ સફળ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ ગુલામમોહયુદ્દીન હરસોલીયા, મંત્રી અલ્તાફહુસેન સાબુગર, ઉપપ્રમુખ મો. યુસુફ વક્તાપુરીયા શાળાના કન્વીનર અ. હકીમ હરાદવાલા અને શાળાના આચાર્યશ્રી ઝહુરએહમદ મુતવલ્લી સાહેબ અભિનંદન પાઠવ્યા હતા.

# કડી કોટન માર્કેટ યાર્ડ ખાતે ઉત્તર ગુજરાત ઝોનનો કૃષિ મહોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૩૧


મહેસાણા જિલ્લાના કડી કોટન માર્કેટ યાર્ડ ખાતે ઉત્તર ગુજરાત ઝોનનો મેગા ઈવેન્ટ કાર્યક્રમ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાના ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ અપનાવવા ખાસ અપીલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીની અપીલને ધ્યાને લઈને કડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિસનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને ઊંઝા ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ દ્વારા ડ્રીપ ઈરીગેશનમાં ખેડૂતોને ભરવા થતી ૦૫ ટકાની રકમની સહાય આપવાની સ્ટેજ પરથી જાહેરાત કરી હતી.

ખેડૂતો વધુમાં વધુ ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ અપનાવે તે માટે રાજ્ય સરકારની જી.જી.આર.સી. કંપની બનાવાઈ છે. ડ્રીપ ઈરીગેશન માટે ૫૦ ટકા સહાય રાજ્ય સરકારની, ૪૫ ટકા સબસીડી આપવામાં આવતી હતી. જ્યારે ખેડૂતોનો ૦૫ ટકાની રકમ ભરપાઈ કરવાની રહેતી હતી. જ્યારે વિસનગર, ઊંઝા અને કડી માર્કેટ યાર્ડની જાહેરાત બાદ આ ત્રણ તાલુકાના ખેડૂતો ૧૦૦ ટકા સહાયથી ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ અપનાવી શકશે. આ પ્રસંગે આરોગ્ય અને માર્ગ મકાન મંત્રીશ્રીએ જિલ્લામાં ખેડૂતો વધુમાં વધુ ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ અપનાવે તે બાબતે ખાસ અપીલ કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી




પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામસ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન